GJGS020000282021

सत्यमेव जयते

**સ્પે.દિ.મુ.નં. ૨/૨૦૨૧**

**આંક–૧ હેઠળ હુકમ**

(૧) આ કામના વાદી ધ્વારા હાલનો દાવો મોહમેડન સકસેશન એન્ડ ઈનહેરીટન્સના ભાગ–૩ ચેપ્ટર–૯ ની કલમ–૧૧૪ તથા ધી સ્પેસીફીક રીલીફ એકટની કલમ–૩૪, ૩૮ મુજબ વારસાઈ હકકથી પ્રાપ્ત થયેલ સહીયારી ખેતીની જમીનમાં થતો હકક હિસ્સો અલગ ઠરાવી અને હકક હિસ્સે આવતી જમીનનો મીટસ એન્ડ બાઉન્ડસથી માપણી કરાવી તેનો પ્રત્યક્ષ, શાંત, ખાલી કબજો મેળવવા માટે લાવવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદીઓને સમન્સ કરતા પ્રતિવાદીઓને સમન્સ બજી ગયેલ છે પરંતુ પ્રતિવાદી નં.૩/૧ થી ૩/૩ તરફે દાવો એકતરફી ચલાવવાનો હુકમ થયેલ છે અને પ્રતિવાદી નં.૧, ૨ તથા ૪ વિ.વકીલશ્રી મારફત હાજર રહેલ છે. ત્યારબાદ પક્ષકારો વચ્ચે ઘરમેળે થયેલ સમાધાન નોંધવા તથા સમાધાનની શરતો મુજબ હુકમનામુ ફરમાવવા આંક–૩૭ થી પુરસીસ રજુ કરેલ છે અને સમર્થનમાં વાદી નં.૧ નું સોગંદનામુ રજુ કરેલ છે.

(૨) આજરોજ વાદી તથા વાદીના વિ.વકીલશ્રી એ.એ.ભાદરકા હાજર છે. પ્રતિવાદીઓ તથા તેમના વિ.વકીલશ્રી એમ.એ.તાજવાણી હાજર છે અને તેઓ પક્ષકારો વચ્ચે ખાનગી રાહે સમાધાન કરવામાં આવેલ હોય સમાધાન પુરશીસ આંક–૩૭ થી રજુ કરેલ છે અને સમાધાન પુરસીસ મુજબ દાવો ફેસલ કરી તે મુજબ કરારદાદી હુકમનામું કરી આપવા રજુઆત કરેલ છે. બન્ને પક્ષકારોને સમાધાન પુરસીસની હકીકત વાંચી સંભળાવી સમજાવતા તેઓ સમાધાનની હકીકત તેમના વિ.વકીલશ્રીઓની હાજરીમાં કબુલ મંજુર રાખે છે અને કોઈપણ જાતના દબાણ કે પ્રભાવમાં આવ્યા વગર સમાધાન

કરેલ હોવાનું જણાવે છે અને સમાધાન પુરસીસ મુજબ કરારદાદી હુકમનામું કરી આપવા રજુઆત કરેલ છે. તે મુજબ સમાધાન પુરસીસના આધારે હાલનો દાવો સીવીલ પ્રોસીઝર કોડના ઓર્ડર–૨૩, રૂલ–૩ મુજબ ફેસલ કરવામાં આવે છે.

ખર્ચ પક્ષકારોએ પોતપોતાનું ભોગવવુ.

સમાધાન પુરસીસ મુજબ કરારદાદી હુકમનામું દોરવુ.

હુકમ આજરોજ તારીખ–૨૩ મી, માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી કોર્ટમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૩/૦૨/૨૦૨૩
મુ.વેરાવળ.

(જયશ્રીબેન શિવાભાઈ સુતરીયા)
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ,
વેરાવળ
કોડ નં.જીજે–૦૦૮૭૭